સુવિચાર : પોતાની આસપાસના લોકોના કલ્યાણની ઉપેક્ષા કરનાર કદી જગતકલ્યાણ કરી શકતો નથી - જાપાની કહેવત

**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૧ ટકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૧૫, મંગળવાર ; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સાંસદોને સસ્પેન્ડ કરવાના મુદ્દે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી લાલઘુમ
- પોલીસી સમીક્ષામાં આજે વ્યાજ દર યથાવત રખાય તેવી શક્યતા
- પશ્ચિમ બંગાળમાં હજુ પણ પુરની સ્થિતિ ગંભીર : ૩૭ લાખને અસર
- તેજી જારી : સેન્સેક્સ ૭૨ પોઈન્ટ ઉછળીને ૨૮૧૮૭ની સપાટી પર
- જમ્મુમાં પાકિસ્તાનની સેના દ્વારા ફરી ગોળીબાર કરાયો
- ગુરદાસપુરમાં હુમલા સાથે પાકિસ્તાનના સીધા સંબંધો
- પ્રતિ મિનિટ ૭૨૦૦ રેલવે ટિકિટ હવે બુક થઈ શકે છે
- શિક્ષક ભરતી કાંડ : ચૌટાલાને ૧૦ વર્ષની સજા યથાવત રહી
- જમ્મુ-કાશ્મીરના લેહમાં પણ હવે પુર જેવી સ્થિતિ
- લખવીના જામીનને પાકિસ્તાન સરકાર ફરી વખત નહીં પડકારે

# પ્લેકાર્ડ લહેરાવવા બદલ કોંગ્રેસના ૨૫ સાંસદોને સસ્પેન્ડ

## લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજન દ્વારા કઠોર કાર્યવાહી : કલંકિત પ્રધાનોને દૂર કરવાની માંગણીના મુદ્દે

## સંસદમાં મડાગાંઠને ઉકેલવામાં સર્વપક્ષીય બેઠક નિષ્ફળ : લલિતગેટ, વ્યાપમ પ્રશ્ને મોદી નિવેદન કરી શકે

નવી દિલ્હી,તા. ૩

લોકસભામાં પ્લેકાર્ડ લઈને જવાને લઈને વિરોધપક્ષના ૨૫ સાંસદોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાતા ખળભળાટ મચી ગયો હતો. કોંગ્રેસના ૨૫ સાંસદો સસ્પેન્ડ કરી દેવાયા હતા. પાંચ દિવસ માટે આ સાંસદો સસ્પેન્ડ કરાયા છે. લોકસભામાં કોંગ્રેસના ૪૪ સાંસદો છે. એટલે કે કોંગ્રેસના અડધાથી વધુ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને સંસદમાં પ્લેકાર્ડ ન લહેરાવવાની અપીલ કરી હતી. બપોર બાદ આ સાંસદોને સસ્પેન્ડ કરવાની સાથે-સાથે લોકસભાની કામગીરી દિવસભર માટે મોકુફ કરી દેવાઈ હતી. કોંગ્રેસી સાંસદ કલંકિતો સાથે સંબંધ તોડીને મોદી મૌન તોડે તેવા લખાણ સાથે પ્લેકાર્ડ લઈને આવ્યા હતા. કોંગ્રેસી સાંસદનું કહેવું છે કે, લોકસભા અધ્યક્ષે કઠોર કાર્યવાહી કરી છે. આ એક તરફી નિર્ણય લેવાયો છે. આ નિર્ણય ઉપર ફેરવિચારણા કરવા માટે અમે અપીલ કરીશું નહીં. સસ્પેન્ડ કરવામાં આવેલા કોંગ્રેસી સાંસદોમાં રણજીત રંજન, ગૌરવ ગોગોઈ, અધીર રંજન ચૌધરી, અભીજિત મુખર્જી, દિપેન્દ્ર હુડ્ડા, કેશી વેણુગોપાલ, રવનીત બિટ્ટુ, કેએચ મુનિયપ્પા, નિનોન્ગ ઈરીંગનો સમાવેશ થાય છે.

બીજીબાજુ સંસદના બન્ને ગૃહોમાં ભારે ધાંધલધમાલનો દોર આજે પણ જારી રહ્યો હતો. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે એનડીએના કલંકિત નેતાઓના રાજીનામાની માંગ યથાવત રાખી હતી. લલિત ગેટ અને વ્યાપમ કૌભાંડમાં સામેલ નેતાઓની હકાલપટ્ટીનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. ઓલ પાર્ટી મીટિંગ જે મોદી સરકાર દ્વારા બોલાવવામાં આવી હતી તે સંસદમાં મડાગાંઠનો અંત લાવવામાં નિષ્ફળ ગઈ હતી. સરકારે એવો સંકેત પણ આપ્યો હતો કે, નરેન્દ્ર મોદી દરમિયાનગીરી કરશે અને લલિતગેટ વિવાદ અને વ્યાપમ કૌભાંડ સહિતના વિવાદો પર નિવેદન કરશે.

● અનુસંધાન પાન-૭ પર




**પાટીદારોની મહારેલી** - ગાંધીનગરના રાજમાર્ગ પર ગાંધીનગર જીલ્લાના પાટીદારો અનામતની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... શિક્ષણ અને નોકરીમાં અનામત નહિ હોવાને કારણે થતા અન્યાયના પગલે સેંકડો કારકિર્દીઓ રઝળી પડવાના ઉદાહરણોથી અકળાયેલા પાટીદારોએ રાજ્યભરમાં અનામત આંદોલન છેડ્યું છે... સ્થાનિક આગેવાનોને બાદ કરતા જિલ્લાના મોટાભાગના ગામોમાંથી પાટીદારોના સમુહ વિવિધ પ્રકારના સુત્રો સાથે રોષ વ્યક્ત કરી રહ્યા હતા... આરંભિક સમયમાં દહેશત હતી કે કંઈક થશે પરંતુ સમગ્ર રેલી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાં પોલીસે હાશ અનુભવી હતી... રેલીને સંબોધનો કરતાં અગ્રણીઓએ આંદોલનની ભૂમિકા આપી હતી... (તસવીર : દિપક જાની)

# ...તો પાટીદારો જલદ આંદોલન કરશે

## અમારૂ આંદોલન શાંત અને અહિંસક છે : આ તો માત્ર ટ્રેલર છે, પીક્ચર હજુ બાકી છે...! : હજારોની સંખ્યામાં પાટીદારો રેલીમાં જોડાયા : માંગણી નહી સંતોષાય તો આગામી જલદ કાર્યક્રમો માટે પણ પાટીદારો તૈયાર

ગાંધીનગર, તા. ૩



(તસવીર : દિપક જાની)

'પાટીદાર અનામત' માટે આંદોલન સ્વરૂપે ગાંધીનગરમાં રેલીમાં હાજરી આપીને શક્તિ પ્રદર્શન કરી દીધુ છે. પોલીસના ચુસ્ત

### પાટીદારોની માંગણી છે કે...

- શિક્ષણ-નોકરીમાં ૩૦ ટકા અનામતની માંગ
- અધિકારીઓના સંતાનને અનામતનો લાભ મળે છે તો ખેડૂતોના સંતાનોને કેમ નહીં
- ગુજરાતના ૨૫ ટકા એમએલએ પટેલ અને ૨૫ ટકાથી વધુ એમપી પટેલ હોવા છતાં સરકારી નોકરીમાં લાભ મળી રહ્યા નથી
- જંગી વસ્તી ધરાવનાર પાટીદારોને યોગ્ય સુવિધા મળે તેવી માંગ

મહારેલી નિકાળીને સરદાર પટેલ ગ્રુપે સરકારને હચમચાવી દીધી છે. બંદોબસ્ત વચ્ચે પાટીદારોએ શાંતિપૂર્ણ રીતે ઘ-૦થી સત્યાગ્રહ હજારોની સંખ્યામાં પાટીદારોએ છાવણી સુધી મૌન રેલી નીકાળી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે અને જો સરકાર

### અનામત નાબુદ કરાવીશુ અથવા અનામત લઈને જ ઝંપીશુ..!

અનામતની માંગણી નહી સ્વિકારે તો હજુ મોટા કાર્યક્રમો માટે તૈયાર રહે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પાટીદાર અનામત રેલી ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચ્યા બાદ સભામાં પરિવર્તીત થઈ ગઈ હતી. સરદાર પટેલ ગ્રુપના હોદ્દેદારોએ સભા સંબોધતા કહ્યું હતું કે આપણે સૌ સરદાર પટેલ જ છીએ. આપણે ન્યાય માટે લડત આપી રહ્યા છે. આ ગાંધીનગરની રેલી આંદોલનનું માત્ર શ્રી ગણેશ છે. આ તો માત્ર ટ્રેલર છે, પીક્ચર હજુ બાકી છે કહીને સાંકેતિક ચિમકીઓ આપી દેવામાં આવી છે. ગમે તે થાય પરંતુ અનામત દૂર કરીને રહીશુ અથવા પાટીદાર અનામત લઈને જ ઝંપીશુ. ૪૫ ટકા વાળાને એડમીશન મળતુ હોય તો ૯૦ ટકા વાળાને મળવુ જ જોઈએ કહીને સભામાં જોડાયેલા પાટીદારોને હાંકલ કરવામાં આવી હતી કે જ્યારે પણ બીજો કાર્યક્રમ યોજાય ત્યારે આનાથી પણ બમણી સંખ્યામાં જોડાઈને એકતાનું પ્રદર્શન કરવાનું છે. સંપૂર્ણ રેલી પર સરકારનું આઈબી મારફતે સીધુ ધ્યાન હતું.

અમારૂ આંદોલન શાંત અને અહિંસક છે અને રહેશે. અમે શાંતિ દ્વારા જ રાજ્યના જ નહિ દેશના સર્વનું ધ્યાન કેન્દ્રીત કરી અહિંસક લડત થકી બંધારણમાં સુધારો કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ કરીશુ તેમ જિલ્લા સરદાર પટેલ સેવાદળના ઉપપ્રમુખ શ્રી અરૂણ પટેલે કહ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીને આવેદન-પત્ર આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રી ગૌરાંગ પટેલ અને શ્રી અરૂણ પટેલે કહ્યું હતું કે અમારા કાર્યક્રમો ચાલુ જ રહેશે. અમારી લડાઈ ન્યાય માટે છે. તેમણે કહ્યું હતુ કે અમને કોઈની સામે પૂર્વગ્રહ નથી.

# જિલ્લામાં ૬ ગ્રામ પંચાયતોનું સંચાલન મહિલાઓ કરે છે

## જિલ્લામાં ૧૦૦ ગામોમાં મહિલા સરપંચો કાર્યરત છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૬ ગ્રામ પંચાયતોનું સંપૂર્ણ સંચાલન મહિલાઓ દ્વારા થઈ રહેલ છે તો ૧૦૦ જેટલા ગામોમાં મહિલા સરપંચો કાર્યરત છે.

જિલ્લામાં આજે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી માટેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે યોજાનાર આ કાર્યક્રમમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા નેતૃત્વ, ગ્રામ વિકાસમાં મહિલાઓનું યોગદાન, મહિલા અને બાળ વિકાસની યોજનાઓ, મહિલા શિક્ષણ, મહિલા સુરક્ષા જેવા વિષયો પર વિશેષ તજજ્ઞો દ્વારા ખાસ પ્રવચનો આપવામાં આવનાર છે.

બલરામ મંદિર હોલ ખાતે સવારે ૧૧ વાગે યોજોયલ આ કાર્યક્રમમાં જિલ્લા, તાલુકા, પંચાયત ઉપરાંત સહકારી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરતી ૫૦૦થી વધુ મહિલા આગેવાનો આ દિવસની ઉજવણીમાં ભાગ લેનાર છે.

નવા રૂપ રંગ સાથે પ્રસિધ્ધ થતા ગાંધીનગર સમાચારને અંત કરણપૂર્વક હાર્દિક અભિનંદન.



સૌ સમયની સાથે ચાલ્યા... અદ્યતન ટેક્નોલોજી વાળા મશીનો વસાવી અમો સમયથી આગળ ચાલ્યા...

● ફાઇવ કલર ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ● ફોર કલર ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ● ઓટોમેટીક પરફેક્ટ બાઈન્ડીંગ મશીન ● ઓટોમેટીક ગેધરીંગ એન્ડ પીનીંગ મશીન ● સીટીપી કોમ્પ્યુટર ટુ પ્લેટ મશીન ● મલ્ટીકલર વેબ ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ● કોમ્પ્યુટરથી લઈ ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગ, બાઈન્ડીંગ, પેકીંગ સાથેની તમામ સુવિધા ધરાવતું ગાંધીનગરનું એકમાત્ર

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001 : 2008 CERTIFICED COMPANY

દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

● કોફીટેબલ બુક્સ ● લીફલેટ ● બ્રોશર ● વાર્ષિક રીપોર્ટ
● મેગેજીન ● મલ્ટીકલર ડીઝીટલ પ્રિન્ટ ● ઈન્વિટેશન કાર્ડ ● પેમ્ફલેટ, લેટરપેડ
● ન્યુઝ લેટર ● ગ્રાફીક્સ ડીઝાઈનીંગ ● સોવેનીયર ● આઈ-કાર્ડ

રજી.ઓફિસ : પ્લોટ નં. ૮૦૧/૧,૨, જીઆઈડીસી એન્જિનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮. મો.૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦૩૮૩૭૮, ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
capitalprintorium@yahoo.com | capitaloffsetgujarat@gmail.com | www.capitaloffset.in
કેપિટલ પ્રિન્ટોરીયમ : બી-૬, શ્રીનાથ કોમ્પલેક્ષ, ઘ-૫ રોડ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨. ફોન : ૨૩૨૪૩૬૨૩
અમારી નવી શાખા ટુંક સમયમાં શરૂ થાય છે : ૬૦૩-૬૦૪, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર.

100% Genuine Sale 100% Genuine Sale
सत्यम शिवम् सुन्दरम
Plot No. 218, District Shopping Cenre, Sector-21, Gandhinagar. Tel. No. +91-79-232 40784
All Leading Brands Under One Roof
રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે
100% Genuine Sale-2015,
તા. ૪-૮-૧૫ થી ૩૧-૮-૧૫ સુધી
Jockey, Haner, FOL, Body care, Lady Care, Lady love, Kalyani, Laavian, Sonari, Trylo, Neva, Sherry, Daisydee, Little Lacy, Comfort, Little art, Valantine, Dermawear and Many more.
બ્રા - પેન્ટીઝ, સ્લીપ, નાઈટીઝ, નાઈટસુટ, બેડરૂમ કલેક્શન, કેપ્રી, લોઅર, સાયકલીંગ, ટ્રેક, હેરમ, બોડી શેપર, જેન્ટ્સ તથા કીડ્સ અન્ડર ગારમેન્ટ્સ તથા બ્લાઉઝપીસ, ચણીયા, અસ્તર, સાડી કવર, બ્લાઉઝ કવર, બ્રોકેટ, કુર્તી, લેગીન્સ તથા ઘણું બધું એક જ સ્થળે...
તા. ક. : અનુભવી સેલ્સમેન / ગર્લ્સ જોઈએ છે. રૂબરૂ મળો. : સમય ૧૦ થી ૪

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



નિરવતાનો રવ...
week-end home
bansari Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299